णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

आयओ गुरुबहु माणो

# મુમુક્ષુ ધારા

## પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજા કૃત

## ધર્મબિન્દુ - અણગાર ધર્મ - ચતુર્થ અધ્યાય

## વાચના ૧૧-૧૫

પ્રિયમ્

= અવતરણમ્ =

રિતેશ સરવૈયા

**अहो ! श्रुतम्**

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા

સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

મોબાઇલ **– 94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com**

સંવત ૨૦૭૭

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના ૧૧

ધર્મ બિંદુ ગ્રંથની અંદર પૂજ્ય હરીભદ્રસૂરી - મહારાજ, ચોથા અધ્યાયના ત્રીજા સુત્રમાં, દીક્ષાર્થી ની યોગ્યતાના સંદર્ભમાં, આઠમા મુદ્દા માં કહે છે,

अल्पहास्यादि: ।

જેમાં હાસ્ય, શોક, હર્ષ, જુગુપ્સા, ભય વગેરે અલ્પ હોયે, એ દીક્ષા લેવા માટે યોગ્ય છે. જે સંસારનું સ્વરૂપ સમજ્યો, એ સહજ - રીતે ગંભીર બની ગયો હોયે. શાસ્ત્રકાર - ભગવંતો એ કહ્યું કે દીક્ષાર્થી ની વાત તો દૂર રહી, શ્રાવક હોયે, એ પણ કદી ખડખડાટ હસે નહિ. કંઈક પ્રયોજન છે, કંઈક એવો પ્રસંગ પણ છે, જરા જરા થોડું સ્મિત કરે, ખડખડાટ હસવું એનો અર્થ એ છે કે સંસારની છ કાયની વિરાધના. અઢાર પાપસ્થાનક ભવભ્રમણ નો થાક, દુર્ગતિ નું ભોજન, આ બધા નો એને કોઈ અહેસાસ નથી.

अल्पहास्यादि: ।

માત્ર હસવાની વાત નથી, દરેક વસ્તુની વાત છે. રસ્તા ઉપરથી જઈ રહ્યો છે, માણસ અને

કૂતરાનું મડદુ પડ્યું છે. બહુ જ સખત વાસ આવી રહી છે ને, છી... છી.. આવી રીતે કે બહુ જ અનિશ્ચય રીતે કરે, એ દીક્ષા માટે લાયક નથી. જેને બહુ જ ડર લાગે. કૂતરા-નો ડર લાગે, ભૂતનો ડર લાગે, અત્યંત ભય જેને હોય, એ દીક્ષા માટે લાયક નથી. જેને રતિ-અરતિ એની સંવેદના બહુ જ હોય. ગરમ છે, ઠંડો પવન આવ્યો, હાશ થોડું સારું લાગ્યું, ત્યાં સુધી ઠીક છે. પણ ગાંડો-તુર બને, કેટલો સરસ, આટલો સરસ પવન, અને નથી તો હાય હાય.. હાય હાય કેવી-ગરમી.. કેવી ગરમી.. ગરમી નો અહેસાસ ઠીક છે! પણ ગરમી ની અત્યંત હાયવોય હોય, એ દીક્ષા માટે લાયક નથી.

શોક અત્યંત હોય, દીક્ષાર્થી છે, પાકીટ ખોવાઈ ગયું છે. જરા અફસોસ થાય કે પાકીટ હતું અંદર પાંચસો - આઠસો રૂપિયા હતા, ખોવાઈ ગયું મળતું નથી, ઠીક છે. આઠ-આઠ દિવસ સુધી એની શોક સભા, એની અંદર

ભટક્યા જ કરે, અને હાય પૈસા... હાય પૈસા
થતું હોય, ને હાય જતા રહ્યા... જતા રહ્યા..
થતું હોય, એ દીક્ષા માટે લાયક નથી.

अल्पहास्यादिः।

કષાયો અલ્પ થશે એટલે નોકષાયો અલ્પ-થવાના જ. વિષય-તૃષ્ણા અતિશય હોય, વિજાતીય આકર્ષણ અતિશય હોય, એ દીક્ષા માટે લાયક નથી. કષાયો અને નોકષાયો-નો ઘણો બધો ઉપશમ, જેને થઈ ગયો હોય સહજ રીતે, એના જીવનમાં વર્તનમાં, વાણીમાં, મુખમુદ્રામાં જણાતો હોય, એ દીક્ષા માટે લાયક છે.

હરિભદ્રસૂરી મહારાજ આગળ વધે છે,

कृतज्ञः।

જે કૃતજ્ઞ હોય. એક દીક્ષાર્થી હતા, પહેલે ક્યાંક ગયા હશે, ત્યાં ભણ્યા, ત્યાં વ્યાખ્યાનો સાંભળ્યા, ત્યાં રહ્યા, દીક્ષા ત્યાં લેવી ન હતી, બીજે ગયા, અને બીજે જઈને કહ્યું કે મારે આપની પાસે દીક્ષા લેવી છે ને જે ગુરુ-ભગવંત હતા એમણે કહ્યું કે, તમારે ત્યાં કેમ-

નથી લેવી દીક્ષા, તમે ત્યાં રહ્યા તો જરા,
એમણે ત્યાંની ભિક્ષા ચાલુ કરી, ત્યાં આગ-
ળ ત્યાં તેમ છે, ફલાણુ છે ને ઢીકણુ છે.
પેલા ગુરુ ભગવંત ગીતાર્થ હતા, વિચક્ષણ હતા,
જે સમજુ ગયા કે આમા એવા કોઈ મોટા-
ઈની પણ નથી, કે જેનાથી બીજું કંઈ પડે.
કદાચ ન લેવી હોય દીક્ષા નો ભય એ વાત પણ
જુદી છે, પણ ગયા પછી,

## ત્યાંનો ઉપકાર માનવો કે ત્યાંનું જોડવું?

આ વ્યક્તિમાં કૃતજ્ઞતા નથી, જ્યાં આટલું બધું
પામ્યો જ્યાં એ આટલું બધું ભણ્યો, ગણ્યો,
એમને એનું ઘસાતુ બો આ માણસ બોલી શકે
છે. આ માણસ કૃતજ્ઞ નથી, એને માટે આ
માણસ, દીક્ષા લેવા માટે લાયક નથી! છતા
લેવી હોય તો લે હું નથી આપવાનો, કારણકે
આનામાં કૃતજ્ઞતા નથી. સ્કુલ ની અંદર જે
શિક્ષક પાસે, છોકરો ભણતો હોય, એની-
બુરાઈ કે મશ્કરી કરે, એની ઠેકડી ઉડાડે,

એ દીક્ષા લેવા માટે લાયક નથી. મા-બાપની ઓનરશી ઠકરાવે, એને ગમે તેવા શબ્દો કહે, એનું માને નહિ, એમણે ઉપકાર કર્યો છે, આવી કોઈ જાતની FEELINGS જ ના હોય. તો દીક્ષા લેવા માટે લાયક નથી, કારણકે - એનામાં કૃતજ્ઞતા નથી.

દીંધાની અંદર કોઈએ દુધ - પડાવ્યો, કોઈએ આગળ વધાર્યા. એમે જ - હણી દઈ હે, એનો જ મર્મભેદ કરે. એની ઠુઅની નસ દબાવે, એની આંખે પાણી લાવી દે, એ દીક્ષા લેવા માટે લાયક નથી.

બહુ સરસ મઝાની વાત પ્રાર્થના - સુત્ર, જય વિયરાયની વૃત્તિમાં, લલિત વિસ્તરા ગ્રંથમાં હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

सत्येतावति लौकिके सौन्दर्ये लोकोत्तरधर्माधिकारः।

ભવનિર્વેદઓથી જે પ્રાર્થના કરે છે, એ લૌકિક સૌંદર્યની વાત છે, માર્ગાનુસારી પણાના BASIC ગુણોની વાત છે.

જેનામાં એ છે, તે આગળના લોકોત્તર ગુણોને મેળવી શકે છે. અને એ છ ગુણોમાં - એક આવે છે,

गुरुजणपूआ ।

ત્યાં કોઈ મહાત્માની વાત નથી, ત્યાં

गुरुजणपूआ ।

થી, સંસારની અંદર માતા-પિતા, ઘરના - વડિલો, શિક્ષકો, કલાચાર્ય, અને એમના - જ્ઞાતિજનો, એમના સગા સંબંધીઓ, એ બધા - ની વાત છે. એ ગુરુજન છે એમની પૂજા - એટલે, એમનો સત્કાર, સેવા, ભક્તિ, એમને માન આપવું, અને અંતર્ગત રીતે એમની પૂજા - એમના પ્રત્યેની કૃતજ્ઞતા, એમના પ્રત્યેનો બહુમાન ભાવ, એ જેનામાં નથી, એ -

સમ્યક્ત્વને પામવા માટે પણ લાયક નથી!

તો દેશ વિરતિ અને સર્વ વિરતિની તો વાત - જ ક્યાં છે!

સભામાં પ્રશ્ન :- તો પછી અર્જુનમાળી જેવા માટે શું સમજવું?

પૂજ્યશ્રીનો ઉત્તર :- માર્ગાનુસારી પણું, જે સમ્યક્ત્વ ની ભૂમિકા છે. અને એ આવે પછી જ સમ્યક્ત્વ આવી, આવો પ્રાયઃ નિયમ છે, ને પ્રાયઃ નો મતલબ એ નથી કે માર્ગાનુસારી પણા વગર પણ સમ્યક્ત્વ આવી જાય. પ્રાયઃ નો અર્થ એ છે કે કોઈ-જીવને SUDDENLY એ ભૂમિકા આવી જાય, અને આપણને લાગે કે હજુ અર્જુનમાળી જે હતો ને દ્રઢ પ્રહારી એ હતો, એ સમ્યક્ત્વ એ-પામ્યા ને દીક્ષા એ લીધી. એમનો કોઈ દીર્ઘ કાળ માર્ગાનુસારી પણા નો દેખાય નહિ પણ આવી ગયું, હવે સંઘની જે વાત કરી તો, આ બધી વાતો નો અર્થ એ નથી કે સંઘમાં કોઈ સમ્યક્ત્વી નથી. તમે જુઓ દુનિયા બીજા ધર્મોમાં મા-બાપ ની જે રીતે અવગણના ઉપેક્ષા વિગેરે બધું થતું હોય, એની તુલનામાં સંઘમાં તમને આવા કેસો ઓછા જોવા મળશે.

જીવ વાત કરું, કે ક્યારેક એવું પણ બને કે કોઈ જીવ છે. એનામાં અમુક દોષ છે, કષાય છે. માર્ગાનુસારીતા ના અમુક ગુણો એનામાં ઓછાં એવા મળે, અને છતા એનામાં સમ્યક્ત્વ હોય. સમ્યગ દ્રષ્ટિ નું લક્ષણ કહ્યું - એનામાં ઉપશમ હોય, ચંડરૂદ્રાચાર્ય ઘણો ગુસ્સો કરતા હતા, પણ એ ભાવથી સાધુ હતા, એવું જ નહિ કે એ દ્રવ્ય સાધુ જ હતા, વેષ હતો, ઉપશમ - એમના માં ન હતો માટે સમ્યક્ત્વ ન હતું. એવું ન હતું.

એટલે શાસ્ત્રની અંદર આ સવાલ નો જવાબ આ શબ્દોમાં આપ્યો છે,

लिङ्गं विनापि लिङ्गिनो भावात् ।

ક્યારેક લક્ષણ ન હોય ને સમ્યક્ત્વ હોય એવું પણ બને. કૃષ્ણ મહારાજને એક સમયે કે કષાય ઉદય થયો, ક્ષાયિક સમકિતિ છે, ને છતાં એ કષાય નો ઉદય પરાકાષ્ઠા નો થયો છે. એટલે આમાં અમુક અપવાદ પણ - હોય, અને જેને અપવાદ ન કહેવાય તેને સામાન્ય કહેવાય, પણ તેની અંદર અત્યંત - આદર કરવાના ગુણો ના હોય,

સામાન્ય ગુણો હોય, પણ ગુણો હોય. અને
ક્યાંક એવા કિસ્સા જેવી અસર, તેઓ માં
ગુણ પણ નથી, કોઈ લક્ષણ પણ નથી અને
છતાં એ સમ્યક્ત્વ છે, કારણકે ભગવાનના
વચનની શ્રદ્ધા અવિહડ છે. સમ્યક્ત્વીના
ઘણા બધા પ્રકારો બતાડ્યા શાસ્ત્રકાર ભગવંતોએ
પાંચ લક્ષણ પણ બતાડ્યા, બીજા માર્ગાનુસારીતા-
ના, ગુણો જેવી અસર આવી જાય,

सव्वत्थ उचियकरणं गुणाणुराओ रई य जिणवयणे...

વગેરે વગેરે પણ સમ્યક્ત્વના લક્ષણો બતાડ્યા.
છતા પણ સમ્યક્ત્વનું જેના વગર સમ્યક્ત્વ ન
જ હોય, અને જે હોય તો અવશ્ય સમ્યક્ત્વ-
હોય, એવું લક્ષણ શાસ્ત્રકારો એ એટલું જ-
બતાડ્યું છે, જેનું નામ છે,

तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् ।

आस्तिक्यं परमं चिह्नं सम्यक्त्वस्य जगुर्जिनाः।

આસ્તિક્ય એટલે ભગવાનના વચનની શ્રદ્ધા છે,
તો એ અવશ્ય સમકિત છે, બીજા ચાહે એમાં
ગમે તેટલા દોષો પણ હોય, સમ્યક્ત્વના
બીજા લક્ષણો એમાં ન પણ ઘટતા હોય,

20/08/2021

છતાં એમને સમકિતિ જ માનવા, આવું
શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું છે એટલે આ પદાર્થનો
એવો અર્થ નથી કે ગમે તેટલા દોષો હોય-
તો એ આપણો મોક્ષ નક્કી, આપણે મન-
ફાવે એમ કરો, આપણા માટે આદર્શ-
રાખવાનો, આપણા માટે આગ્રહ રાખવાનો,
દોષ લવ પણ નિજ દેખતાં નિર્ગુણ નિજ આતમા જાણો રે.
આપણી જાતને નિર્ગુણી માનવાની, અને-
સંઘની અંદર આસ્તિક્યાદિ જે ગુણો દેખાય,
થોડલો પણ ગુણ પરતણો સાંભળી હર્ષ મન આણ રે.
એમના ગુણ જોવા, પ્રમોદ ભાવના ભાવવી,
જે અહિંયા આવે છે, એનામાં શ્રદ્ધા નો-
થોડો પણ અંશ છે, જેને ભગવાન માટે,
ગુરુ માટે, ધર્મ માટે થોડો પણ સદ્ભાવ છે,
એમના સમ્યક્ત્વ માં શંકા કરવી, એ

આપણા મિથ્યાત્વનું કારણ બની શકે છે!

આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

× × × × ×

21/08/2021

# ધર્મ બિંદુ ગ્રંથ- વાચના ૧૨

ધર્મ બિંદુ ગ્રંથની અંદર પૂજ્ય હરીભદ્રસૂરી-મહારાજ, ચોથા અધ્યાય ના ત્રીજ સુત્રમાં, દીક્ષાર્થી ની દસમી યોગ્યતા જણાવે છે,

विनीत: ।

જેનામાં વચન, મન, કાયા નો વિનય હોય ! એ દીક્ષા લેવા માટે યોગ્ય છે. વિનય ન હોય, એ

જિનશાસનની એકપણ આરાધના માટે યોગ્ય નથી.

કારણકે, વિનય એ જિનશાસનનો પાયો છે !

विणओ सासणे मूलं विणीओ संजओ भवे ।

જે ઘરમાં વડિલો ની આગળ વિનય ન સાચવે, પાઠશાળા વગેરે માં શિક્ષક સાથે વિનય ન-સાચવે, જે પરસ્પરના વ્યવહારમાં વિનય ન સાચવે, એ દીક્ષા લેવા માટે લાયક નથી. દીક્ષાર્થી દીક્ષા લેવા માટે આવ્યા છે, સાથે રહે છે, TRAININNG માં છે, પૌષધ કરે, અંકોસણા કરે, ગાથા રોજ દસ-દસ ગોખી લે,

ક્રિયા જડ ઉભા ઉભા વ્યવસ્થિત કરે. આટલા માત્રથી એ દીક્ષા લેવા માટે PASS થઈ ગયા, એવું ના કહેવાય. ગુરુ હોય એ પહેલી વસ્તુ એ જુએ કે આનામાં વિનય કેટલો છે. ઘણી વાર દીક્ષાર્થી ગુરુ પાસે એકદમ વ્યવસ્થિત - વિનયપૂર્વક રહે, વિનય કરે, આદરપૂર્વક વર્તન કરે, પણ પછી બીજાની આગળ, બીજા મહાત્મા-ની આગળ એવો વિનય ના હોય. હજુ - આગળનો STEP, બીજા મુમુક્ષુઓ સાથે - ROUGH BEHAVE કરે.

ગુરુ ની ફરજ છે એ જોવાની કે બીજા ની સાથે એમનો વર્તાવ કેવો છે, એમની ભાષા કેવી છે, એમનું વર્તન કેવું છે, વલણ કેવું છે, બીજા મુમુક્ષુ જો કહે તો પણ એ માની લે છે, કે વિરોધ કરે છે! બીજા મહાત્મા માટે એમનું કેવું વર્તન છે. એ ક્યાંક બહાર ગયા, બીજા કોઈ શ્રાવકના સંપર્કમાં આવ્યા, એવા વિચક્ષણ ગુરુ હોય, દીક્ષાર્થી જ્યાં જમવા ગયા, એ લોકોને બોલાવીને, REPORT લે!

દસમા નંબર ની યોગ્યતા છે વિનય !
અગિયારમાં નંબરની યોગ્યતા છે.

राजा-ऽमात्य-पौरजनबहुमतः।

પહેલા પણ કે રાજા, મંત્રી, નગરજનો વગેરે ને માન્ય હોય. પોતાના વિચિત્ર વર્તન ના- કારણે, વિચિત્ર સ્વભાવ ના કારણે કે પરિવારમાં અણબનાવ હોય, અડોશ પડોશમાં અણબનાવ હોય, પોતે જેના જેના સંપર્કમાં આવવાનું છે, ધંધાનું CIRCLE હોય, સગાઓનું CIRCLE હોય, એમાં કે પ્રિય ના હોય. કે માન્ય- ના હોય, કે વિશ્વસનીય ના હોય, એમને પણ દીક્ષા આપી શકાય નહિ.

દીક્ષા માટે કે પાયાના ગુણો જોઈએ, કે સંસારની અંદર જ DEFAULTER PROVE થયા હોય, કે સંસારની અંદર જ FAIL જેવા PROVE થયા હોય, એનો અર્થ એ નથી કે બહુ પૈસા નથી એટલે તમે FAIL, STATUS ન હોય એટલે FAIL, પણ ગુણાત્મક દ્રષ્ટિએ, સ્વભાવની દ્રષ્ટિએ,

વિનય વગેરે ની ક્રેડિટ્સ, ઔચિત્ય વગેરે ની ક્રેડિટ્સ, જે બધામાં ઝળઝામળા થયા હોય. MAJORITY લોકો ને એમ લાગે કે આ-યોગ્ય નથી તો એમની દીક્ષા ન થઈ શકે.

વસ્તુપાલ મંત્રી, એમના મુનીમજી હતા, હિસાબમાં એમણે એક વાર ગરબડ-કરી હતી, વસ્તુપાલે એમને વિદાય આપી હતી. આગળ જઈને એ મુનીમજી, દીક્ષા લઈ રહ્યા હતા ત્યારે વસ્તુપાલે જઈને એમના-ગુરુદેવ ને કહ્યું હતું કે મને યોગ્ય લાગતું નથી. છતા, જે પણ કારણે ગુરુ એ દીક્ષા આપી. આગળ વધી ને, એમની આચાર્ય પદવી પણ આવી, વસ્તુપાલે ગુરુ ભગવંત ને કહ્યું કે આ મને યોગ્ય લાગતું નથી. છતા પણ એમની આચાર્ય પદવી પણ થઈ, અને આગળ વધાને એ આચાર્ય ભગવંત, જિનશાસનમાં ડખા કરવામાં, ને સંઘની અંદર કલેશ ઉભા થાય ને ભેદ થાય, એમાં નિમિત્ત બન્યા, વસ્તુપાલે મુણમાં મેયેલું હતું, કે આ ચુપ છે, મને કાંઈ વાંધો નથી એના માટે,

મને કોઈ પ્રકારની જાણ નથી. પણ એનામાં એવી યોગ્યતા નથી.

મોરી સાથે જે દીક્ષાર્થી એ જઈ સારુ BEHAVE કર્યું, જેમ મને ભગવાન સમજે, જેમ મારી ભક્તિ માટે એકદમ દોડી આવે, મારા પગમાં એકદમ ભક્તિ થી માથુ મુકે, એટલા માત્રથી હું દીક્ષા આપી દઉં એ ઉચિત નથી. આ તો એક વ્યક્તિ સાથેનું એનું BEHAVIOUR છે, OVER ALL એનું BEHAVIOUR શું છે ? OVER ALL એનો NATURE (સ્વભાવ) શું છે ? એ મારે જોવું જોઈએ. એ કશું મારે જોવું નથી, મને જે-મહાત્મા ફરીયાદ કરી ગયા કે, સાહેબ આ મુમુક્ષુએ થોડું આવુ આવુ કર્યું છે. તો હું કહું કે એ તમારે કશું જોવાનું નથી ! હું એટલાથી સંતુષ્ટ છું કે મારી સાથે એનું વર્તન સારુ છે. વાત પુરી થઈ ગઈ વધારે મને કોઈ-EXPECTATION નથી. તો એ મારી ભુલ છે ! કારણ કે એનો સ્વભાવ બીજા સાથે છે,

કાલે મહાત્મા સાથે પણ હશે, પરમ દિવસે ગુરુ સાથે પણ આવશે, કારણકે એ એની ORIGINAL (કુદરતી) NATURE (સ્વભાવ) છે.

એટલે એ સમયની વાત છે, જ્યારે શત્રુમૈત્રી, ભગવાનની વગેરેનો જહુથન હોય એની વાત કરી. આપણી અપેક્ષાએ આપણું અહીંયા જે પણ CIRCLE હોય, દીક્ષાર્થીનું જે CIRCLE હોય, એની અંદર એમની ગણના એમની છાપ કેવી છે, એ મહત્વની વસ્તુ છે.

## બારમા નંબરની યોગ્યતા,

अद्रोहकारी।

જે કદી પણ દ્રોહ ના કરે, જે કદી વિશ્વાસ-ઘાત ના કરે, જે કદી પણ અસમંજસ ના કરે, અનુગતુ ના કરે. કોઈના પૈસા પડાવી લીધા, કોઈના ઉપર આળ ચડાવવું, આરોપ કરવા, કોઈને હેરાન કરવા, કોઈને દુ:ખી કરવા, કોઈને માનસિક સંક્લેશ થાય એવું કરવું, કોઈને સંકટ આવી પડે એવું પોતે કાર્ય કરવું.

જે આવું કર્યું પણ કરે છે, જે દીક્ષા લેવા-
માટે યોગ્ય નથી. એક સ્થુળ વ્યવહાર હોય
છે, પાંચ-પચ્ચીસ વ્યક્તિઓ આપણા સંપર્ક
માં આવે એની સાથે નો, એમાં પણ જે
FAIL ગયા એ, છકાયના તમામ જીવો પ્રત્યે-
ના, અ ર સ્વરૂપ, સંયમ જીવનનો નિર્વાહ
કેવી રીતે કરશે ?

સીમાનો પ્રશ્ન :- જ્યાં લગે એટલી યોગ્યતા ન હોય, દીક્ષા લેશો એટલે યોગ્યતા આવી જશે.

પૂજ્યશ્રીનો ઉત્તર :- એ રીતે આ છે ને એ સાધુ હાજરી ની અંદર, ચાખ્યા વગરનો ખોરાક નાખવાની વાત છે. હાજરી, હાજરીનું કામ કરશે, કદાચ તમે-ધીરું ખાઈ રાખ્યું ચાવવામાં, હાજરી મહેનત કરી ને કદાચ એ પચાવશે, પણ આખે આખું નાખો તો શું થાય ? એ ખાવાનાનું પણ શું થાય ને એ હાજરીનું પણ શું થાય ? બરાબર એ જ રીતે, જે અત્યંત અયોગ્ય હોય એ સંયમ જીવનમાં આવી ગયા,

તો એમના આત્માનું પણ શું થાય ? અને જિનશાસનનું પણ શું થાય ? આખી જિંદગી ગુરુને વફાદાર એ રહી શકે, કે જેના CIRCLE ના કોઈપણ જીવને દુઃખ આપવામાં ભુલે ચુકે નિમિત્ત બને, તો જેને રાતે ઊંઘ ન આવે, જેનું હૈયું ડંખતુ રહે, જેની આંખ રડતી રહે.

જે નિષ્ઠુર બને, કઠોર બને, બીજાનો દ્રોહ કરી શકે, જીવને હેરાન કરી શકે એ નિર્મળ સંયમ પાળે, ભગવાનની આજ્ઞાની વફાદાર રહે, અને ગુરુની સાથે કદી થાય જ નહિ, ગુરુકુલવાસમાં ગુરુભાઈઓને કોઈપણ રીતે ત્રાસ આપવામાં નિમિત્ત ન બને, એવી સંભાવના બહુ ઓછી છે. માટે આ યોગ્યતા બતાવી.

अद्रोहकारी ।

જ્યારે સમય થયો છે, ત્યારે આટલું રાખજો.

૨૨|૦૮|૨૦૨૧

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના ૧૩

ધર્મ બિંદુ ગ્રંથની અંદર, પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ, ચોથા અધ્યયનના ત્રીજ સૂત્રમાં, દીક્ષાર્થી ની તેરમી યોગ્યતા કહી છે.

कल्याणाङ्गः।

બહુ વિચારવા જેવું, આ દીક્ષાર્થી નું બખાન, દીક્ષાર્થી ની યોગ્યતા.

कल्याणाङ्गः।

એટલે કલ્ય નો અર્થ છે આરોગ્ય, નંબર ONE જે રોગી ના હોય, નિશીથ સૂત્રની અંદર ૪૮ પ્રકારના એવા આત્માઓ બતાડ્યા, જેમને દીક્ષા ન આપી શકાય. એની ૪૮ પ્રકારમાંથી એક પ્રકાર બતાડ્યો,

वाहिए

એટલે કે વ્યાધિ, એટલે કે રોગી.

जुंगिए

એટલે કે અપંગ. કોઈના હાથ નથી, કોઈના પગ નથી, કે પગ પણ ટુંકા છે કે ઉપયોગી થઈ શકે એવું નથી, એટલી બધી ઉંમર છે કે શરીર અષ્ટપ્રવચન માતાનું પાલન કરવા માટે સમર્થ નથી. ચાલી શકે એમ નથી.

સ્વાધ્યાય કરી શકે એમ નથી. ચાલના-
ઈર્યા સમિતિ પાળી શકે એમ નથી, કોઈ
છે નથી, બધું એમના માટે સરખું છે.
એવા આત્માને દીક્ષા ન આપી શકાય.

कल्याणाङ्गः ।

એટલે આકૃતિથી જેમના ગુણોનું પ્રતિપાદન
થતું હોય,

आकृतिर्गुणान् कथयति

આકૃતિ ગુણોને કહે, એટલે ગુરુને ખ્યાલ
આવે આ જીવ છે એ યોગ્ય છે કે નહિ.

कल्याणाङ्गः ।

અત્યંત વિરૂપ, અત્યંત કદરૂપા, જેમને સાધુનો
વેશ પહેરાવી દેવામાં આવે તો એનાથી-
શાસનની અપભ્રાજના થાય. કે આવા-
વિકલાંગ, આવા લુલા-લંગડા, આવા અપંગ,
આવા સંસાર માટે તદ્દન નકામા, એવા-
બધા દીક્ષા લે છે. એના દ્વારા શાસનની
અપભ્રાજના થાય. એવી વ્યક્તિને દીક્ષા
ન આપી શકાય. યોગ્યતા નંબર ચોથ-

श्राद्धः ।

## જેનામાં શ્રદ્ધા હોય !

વિદેશનું CULTURE અપનાવ્યું હોય, જે EDUCATION, જે MEDIA જે માહોલ, જેમાંથી HOW & WHY નું એટલું બધું જાણી ગયું હોય, કે વડીલો-ને ગુરુ નું માની ન શકે, શાસ્ત્રના પદાર્થો ને સ્વીકારી ન શકે, ઘાસ માં છું ધુપ હોય, આનો જેનો વિચાર હોય.

## આત્મા છે કે નહિ જેને DOUBT હોય !

## પુણ્ય, પાપ, મોક્ષ, પરલોક એને વિશ્વાસ ન હોય.

આત્મીયતા થઈ ગઈ, મહાત્મા ગમે છે, ગુરુ ગમે છે, વાતાવરણ સારું છે. સ્કુલમાં ભણવું નથી, સંસારની જવાબદારી ઓ લેવી નથી. શ્રદ્ધા વગર આવા ય જેઓ મુહાથી દીક્ષા લેવા માટે ઉપસ્થિત થાય, એમની દીક્ષા આપી શકાય નહિ.

સભાનો પ્રશ્ન :- દીક્ષા આપ્યા પછી કોઈ ખોડ-ખાંપણાદિ આવ્યું, તો પછી શું કરવાનું?

પૂજ્યશ્રીનો ઉત્તર :- એની અસર એવી નિતિ બતાવી. For Example જે પાગલ હોય, એને દીક્ષા ન અપાય. દીક્ષા લીધા પછી કંઈ એવું થયું, વળગાડ થયો કંઈ પણ થયું, અને ગાંડપણ આવ્યું. તો તેમને આજીવન સારી રીતે લોકોથી ગુપ્ત-પણે રાખવા. આવું શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યું. એ રીતે શાસનની અપભ્રાજના થાય-એવું કંઈ પણ પરિબળ હોય, ત્યાં ગુપ્ત રીતે જયણા પૂર્વક મહાત્મા ને રાખવા જોઈએ. એક વસ્તુ બતાવી કે જે મહાત્માએ દીક્ષા લીધી, દીક્ષા લીધા પછી સરસ પાળી રહ્યા છે, કદાચ હાથ ગયો, પગ ગયો, આંખ ગઈ, આવુ કંઈ પણ થયું, ગમે તેટલા વિદ્વવાન વગેરે મહાત્મા હોય, પણ એમને પછી આચાર્ય પદવી આપી શકાય નહિ!

હવે આગળની વાત કરી ધારો કે, મહાત્માને આચાર્ય પદવી આપી ત્યાં સુધી કોઈ ન હતુ, પછી આંખ ગઈ, તો શું કરવાનું ? ત્યાં જવાબ આપ્યો કે આચાર્ય પદવી એમણે પોતાની પાછી આપી દેવી. જેનાથી જિનશાસનના શત્રુ આવા હોય, આવો અપવાદ, અપભ્રાજના, જિનશાસનનું માલિન્ય ન થાય.

પણ અહીં પહેલાની વાત છે, કે પહેલા જ આંખ નથી, હાથ નથી, પગ નથી, અથવા તો ખોડખાંપણ છે, એથી સ્થિતિમાં દીક્ષા આપી શકાય નહિ.

પંદરમી યોગ્યતા દીક્ષાર્થીની કહી. સ્થિર હોય. શાસ્ત્રકાર ભગવંતો એ બહુ માર્મિક વાત કરી છે.

क्षणं रुष्टाः क्षणं तुष्टाः रुष्टतुष्टाः क्षणे क्षणे।

ક્ષણમાં જે આપણા ઉપર બહુ ખુશ થઈ જાય, ક્ષણમાં રીસાઈ જાય, ક્ષણે ક્ષણે એમની ખુશી અને રીસ ચાલ્યા કરતી હોય.

अनवस्थितचित्तानां प्रसादोऽपि भयङ्करः।

જેનું ચિત્ત સ્થિર નથી, સ્થિત નથી,
અનવસ્થિત ચિત્ત છે, એનાથી પ્રસન્નતા
પણ ભયંકર છે. કારણકે એનાથી આપણે
છેતરાઈએ છીએ. જે મુમુક્ષુ સ્થિર નથી.
ઘરે ગયા વાતાવરણથી ભાવ મંદ થઈ ગયા,
વાત કહી છે. પણ ઘડીકમાં દીક્ષા લેવાનું
જ નક્કી કરી નાખે ને ઘડીકમાં દીક્ષા નહિ
જ લેવાનું નક્કી કરી નાખે, અથવા કોઈ
મુદ્દે જે STATEMENT આપ્યું, જે અભિપ્રાય
દર્શાવ્યો, જે પોતાની રુચિ છે, જે વસ્તુ
પોતે કરવાની સ્વીકારી, એમાં જ બધુ ફરી
જતું હોય, જેનો ભરોસો ના રહે, જેનો-
વિશ્વાસ ન રહે, જેનામાં સ્થિરતા નથી.
એને દીક્ષા આપી શકાય નહિ.

જેનું મન અત્યંત ચંચળ હોય,
એ ન આપી શકાય. જે શાંતિથી એકધારી
એક કલાક એક આસને બેસી શકે નહિ,
બેઠા-બેઠા પણ હાથ પગ હલાવ્યા વગર રહી-
શકે નહિ,

જેને ઘડી ઘડી કામ ઉભા થવું જ પડે, આંટા લગાડવા જ પડે, હાથ પગ કામ ઉંધા-ચિત્તા કરવા જ પડે, એનામાં સ્થિરતા નથી. મન-વચન કાયાના સ્તરે, જેની વિશિષ્ટ ચંચળતા ઘણી હોય, થોડી ઘણી હોય, ક્ષમ્ય છે, ~~જેને~~ જેને શાસ્ત્ર-ભાષામાં બાધ્ય કહેવાય? જેને સુધારી શકાય. ત્યાં સુધી તો હોય તો વાંધો નહિ. એના કરતા વધારે એનામાં ચંચળતા હોય, તો એને દીક્ષા ન આપી શકાય.

ટીકાકાર ભગવંત સ્થિર ની હવે એક વ્યાખ્યા કરે છે,

प्रारब्धकार्यस्यापान्तराल एव न परित्यागकारी।

એક કામ ઉપાડીને એને છોડી દે. તો પછી એ દીક્ષા સ્વરૂપ જે મહાવ્રત સ્વરૂપ, એના નિર્વાહ સ્વરૂપ જે કામ ઉપાડ્યું એને પણ છોડી દે. એને પણ સ્થિર ના કહેવાય.? જે કામમાં ઠરે, જે ધગશ સાથે ગ્રંથ લીધો છે એને પુરો કરે, ગાથા ગોખવાની છે, બસ અડધા ગ્રંથે વાત પુરી થઈ ગઈ, વાંચવાનું છે,

વાંચવા જેવું વાંચ્યુ, પુરી થઈ ગઈ વાત. ગુરુએ કામ સોંપ્યુ સારલું કરી લે, થોડું ઘણું કરી લીધું, વાત પુરી થઈ ગઈ. એ પણ દીક્ષા-માટે યોગ્ય નથી.

ઘણી વાર છે ને મને વિચાર આવે, કે મુમુક્ષુને તદ્દન વિચિત્ર આદેશો-કરવાના. કે અબ ત્યાં ચાર રસ્તે વચ્ચે બેસીને ગાથા ગોખો. અહિંયા ચાર રસ્તા, ત્યાં-જેટલા રસ્તા ભેગા થાય છે, ત્યાં સો-સો ફુટ સુધી સફાઈ કરી દો, સાંજે હું જોવા આવું છું. એકાસણાનું પચ્ચક્ખાણ એણે કર્યું હોયને એને કહું કે હમણાં તમારે વાપરવા જવા રહેવાનું છે, તદ્દન વિચિત્ર! તમારી-બુદ્ધિમાં બેસે ને માનો છો એ ગુરુનું નહિ તમારું માનો છો. તમને બિલકુલ ન બેસે એવું પણ તમે જ્યારે માનો ત્યારે તમે ગુરુનું માનો છો. મુમુક્ષુ ને રાખવા, પંપાળવા, પ્રેમ આપો, હુંફ આપો, બહાર બધે કડક થતું હોય, ઘર માય ઝઘડા ને બહાર ઝઘડા,

અહિંયા પ્રેમ મળે ને દીક્ષા લઈ લે, આ-
પણ મુમુક્ષુની ઉત્તીર્ણતા નથી. પ્રેમ ન-
આપવો એવી વાત નથી, પણ જે પ્રેમ માત્ર-
થી આવર્જિત અને આકર્ષિત થઈ ગયો,
એ એટલાને યોગ્ય છે એવું પણ નથી. ચાર
જણની વચ્ચે મુમુક્ષુને ખખડાવી નાખ્યા હોય,
વગર ભૂલે કડક માં કડક ઠપકો આપ્યો હોય,
ને પછી પણ મુમુક્ષુ ગુરુને વળગી ને
રહે,

## આ એની યોગ્યતાનું પ્રમાણપત્ર !

ઘણી વાર મને વિચાર આવે-
મુમુક્ષુ માટે જ નહિ, વ્યાખ્યાનની ખબર મેં
નમની કહી દીધું હોય, હું અહિંયા બેઠો છું,
સ્વાધ્યાય કરું છું, અડધો કલાક બધા આ
રસ્તે ઝાડુ કાઢીને આવો, ને પછી આપણે
વ્યાખ્યાન શરૂ કરીએ, બીજા દિવસે કેટલા-
આવે ?
ચિત્ર-વિચિત્ર આદેશો એ શિષ્યની ખરી પરીક્ષા છે.

પૂજ્ય ચંદ્રશેખર વિજયજી મહારાજ વાચનાની અંદર કહેતા હતા, કે ગુરુ સુહદેવિયા ની બદલે શિષ્ય દેવિયા બોલી જાય, બોલવાનું સુહદેવિયાએ છે, પ્રતિક્રમણ છો ભણાવે - બીજા, સૂત્રો નાં આદેશો કદાચ બીજા લે, અમુક સૂત્રો નાં ગુરુ જ બોલવાના. સુહ-દેવિયા ની બદલે શિષ્યદેવીયા ગુરુ બોલી ગયા, પૂજ્યશ્રી કહેતા હતા કે એમાં ભૂલ ના કાઢવી જોઈએ. આગળ પૂજ્યશ્રી કહેતા કે કેટલા હોઠ કાઢ્યા એમાં પણ ભૂલ કાઢે છે,

આપણે વિચાર કરીએ, NUTRA-LLY આપણે બહુ NUTRAL રહેવા ટેવાયેલા છીએ.

ઈષ્ટ દેવ-ગુરુ નો પણ આપણને ડેપલો નથી.

અને ઘણી વાર NUTRAL ના નામે ઘણી વાર આપણે, આપણો જ પક્ષ લેતા હોઈએ છીએ. NUTRALLY વિચારીએ કે,

# ક્રિયા મહત્વની કે ગુરુ મહત્વના ?

વિધિ વધારે મહત્વની કે ગુરુ વધારે ~~મહત્વના~~ મહત્વના, ભુલ થઈ છે, પ્રતિક્રમણ આપણું એટલું અતિચાર વાળુ થયું, ભુલ વાળુ થયું, ગુરુને કહીએ તો ગુરુ ના જ નથી. પાડવાના, આપણો કોઈ ઉતારી પાડવાનો ભાવ પણ નથી. ગુરુ ને અનાભોગ થઈ ગયો, ગુરુને થયું કે આ બીજો કાઉસગ્ગ ભૂલી ગયા, ગુરુ સુહદેવિયા ને બદલે ખિત્તદેવિયા બોલ્યા, તમારુ ધ્યાન દોરવામાં, નમ્રતાથી વિનયથી ભુલ શું છે, ખોટું શું છે, એક અપેક્ષાએ વાત સાચી લાગે, કહેવું-જોઈએ કહેવાનું પણ હોય છે, હું ના જ નથી પાડતો કે ન કહેવું, વિચાર કરીએ, પૂજ્યશ્રી નું આ વિધાન જે આવા મહાન-ગીતાર્થ હતા, બહુશ્રુત હતા, શાસ્ત્રોના પારગામી હતા, ભવભીરૂ હતા, સંવિગ્ન હતા, એમનો અભિપ્રાય શું હશે એનો વિચાર ~~કરીએ~~ કરીએ.

અને એમ થાય કે, એક શિષ્ય છે જે કહે છે, ગુરુ મહારાજ સુધરાવે, અને બીજો શિષ્ય વિચારે છે, કે ગુરુ જે બોલ્યા એ આપણા માટે સુધરાવ્યા, ગુરુ ભલે અનાભોગથી પણ આદેશ કરે, એને મારે એ માની જ લેવાનો હોય, તો ગુરુ અનાભોગથી બોલે એને મારે કઈ રીતે સુધારાય.

મને જે ભુલ લાગે એ મારી ભુલ છે!

ગુરુ જે કરે એ બરાબર!

એક જણ સુધરાવે છે, બીજો જણ આ વિચારે છે, સુધરાવનાર નું સમર્પણ, આવું વિચારનાર નું સમર્પણ, એ બેમાં જેટલો GAP હોય એટલો,

GAP બંનેના ભાગ્યગમન માં હોય છે!

22.08.2021

આ ભવની અંદર પણ ગુરુને સમર્પિત - રહેવામાં, પોતાના અનાદિના દોષો મેર કરતા હોય, એમી સામે પોતાના ઉપર, ગુરુનું મેર વધારવામાં કોણ નિમિત્ત બનશે, કે સમર્પણ દ્રષ્ટિએ વિચારે છે જે નિમિત્ત બનશે. આપણે કેટલા સાચા છીએ એ - મહત્વનું નથી, આપણું પકડેલું સત્ય, આપણું કેટલું હિત કરી શકે છે, એ એના કરતા વધારે મહત્વનું છે, અને શાસ્ત્રકાર ભગવની એનાથી આગળની વાત કરી છે.

જે તમારું હિત કરી શકે છે,

એ જ તમારું સત્ય છે!

આજે સમય થયો છે, આજે આટલું રાખીએ!

૨૪.૦૮.૨૦૨૧

# ધર્મ બિંદુ ગ્રંથ- વાચના ૧૪

ધર્મ બિંદુ ગ્રંથની અંદર પૂજ્ય હરીભદ્રસૂરીજી-મહારાજ, દીક્ષાર્થી ની યોગ્યતા નું વર્ણન-કરતા, દીક્ષાર્થી ની છેલ્લી યોગ્યતા, યોગ્યતા નંબર સોળ કહે છે,

સમુપસમ્પન્નો:।

જે સંપૂર્ણ પણે ગુરુ ને સમર્પિત હોય, જેણે પોતાના ઉપર પોતાનું આધિપત્ય બિલકુલ-ના રાખ્યું હોય, એનું નામ,

સમુપસમ્પન્નો:।

પ્રશ્ન તમારો આવ્યો છે, ગુરુની વાતમાં-બુદ્ધિ ન લગાડવી, વગેરે વગેરે સમર્પણની વાત આપે કરી, ગુરુ ની શોધમાં બુદ્ધિ લગાડવી કે નહિ ?, હજુ અમે ગુરુ નક્કી-નથી કર્યા, હજુ અમે ગુરુ શોધી રહ્યા છીએ, એમાં ય અત્યારે સીધા સમર્પિત થઈ જવું કે એમાં બુદ્ધિ લગાડવી. પ્રશ્નકાર ના બે વિભાગ કરીએ કે, પ્રશ્નકારનો એક વર્ગ એવો હોય, કે જે હજુ તદ્દન નવો ધર્મમાં પ્રવેશ્યો હોય, અને ગુરુ શોધી રહ્યો છે. અને એના માટે કંઈક બુદ્ધિ વાપરવી પડે તો

વાત હેવુ સમય ઍવી છે. ધર્મમાં-
આવ્યાના પચાસ-સાઠ વર્ષ આપણને
થઈ ગયા હોય, તો હવુ આપણે બુદ્ધિ જ
વાપરી રહ્યા હોઈએ, તો આપણે કદાચ
ખોટા રસ્તે દોડી રહ્યા છીએ.

શાસ્ત્રોમાં ગુરુની પરીક્ષા
પણ બતાવી, પરીક્ષા કરવાની આવી પણ
વાત કરી, આટલા આટલા FACTORS એવા
આવી પણ વાત કરી, જેમાં આપણે આપણી
SENSE થી વિચારી શકીએ, સદ્‌ગુરુ આ
છે કે નહિ એ નિર્ણય લઈ શકીએ, કશું
ખોટું નથી, કરવું પણ જોઈએ, પણ-
એના કરતા વધારે જરૂર,

આપણને આપણી પાત્રતાનો ઉઘાડ કરવાની છે.

જે દિવસે આપણી પાત્રતા પરાકાષ્ઠાએ
પહોંચશે, એ દિવસે સદ્‌ગુરુ સામેથી-
આપણા દ્વાર ખખડાવતા આવી જશે.

આપણે શોધવાની પણ જરૂર નહિ પડે.
ન શોધવા જેવું નથી પણ, પાત્રતા વગર
માત્ર બુદ્ધિ ચલાવી ને, ગુરુ ને શોધ ક્યાં
કરનારા ને,

વાસ્તવમાં ગુરુ મળતા જ હોતા નથી!

જેમને માત્ર બધાની દોષ-
કાઢીને યોગ્ય ગુરુ નથી માટે હું જ મારો
ગુરુ, અને આવુ હું રાખુ એ ઉચિત
છે. આવી મિથ્યા સંતોષ લેવી હોય છે.
હકીકતમાં એમને ગુરુની જરૂર જ હોતી નથી.

સભાની પ્રશ્ન :- સાહેબ, તો પછી બાર
વર્ષ સુધી ગુરુ ની શોધ
કરવી એ ક્યા સંદર્ભ માં કહ્યું છે.

પૂજ્યશ્રીનો ઉત્તર :- એટલે આ જે જીવ
માટે કે જેની પોતાની
પાત્રતા છે, NUMBER ONE ! PLUS

જે કાળોચિત ગુરુ, જે મહાવ્રતની સ્થાપના
વગેરે, જે યોગ્યતા વાળા બનાવ્યા, જે
એમની આસપાસમાં કોઈ હોય જ નહિ,
એવા કોઈ ક્ષેત્રની અંદર એ હોય. એને
એના માટે શોધવા માટે, જવું પડે ભાળવું
પડે, વગેરે વગેરે વાત કરી. એમે લાગુ
પડે.

એક ભાઈ નો ભાવ છે કે,
મારે સાધર્મિક ભક્તિ કરવી છે, દસ જણને
જમાડવા છે. એ ભાઈ આખા ગામની-
અંદર ગોત ગોત કરે, પણ બધામાં દોષ
દેખાય, અને એમને દસ વર્ષથી દસ જણને
જમાડવાનું PENDING હોય, એનો અર્થ
શું ? વાત સમજાય છે મારી ? આનો
અર્થ એ નથી કે કોઈ યોગ્ય સાધર્મિક-
નથી. આનો અર્થ એ છે કે,

મારે સાધર્મિક ભક્તિ કરવી નથી !

હજુ નથી કોઈ માસ-દારૂની સગતે બતે થઈ-

ગયા હોય એવા જૈનને ના જમાડો, એવો
તમારો ભાવ ન થાય એ અસંભવ જેવું છે,
પણ જેને આ કાળમાં શ્રાવક કહી શકાય,
સાધર્મિક કહી શકાય, જૈન કહી શકાય,
એવા તમને આત્મા હમણાં સુધી કોઈ-
મળ્યા જ નહિ હો.

આ તમારી શોધ નથી, આ તમારું નાટક છે!

કે તમે સાધર્મિકને શોધી રહ્યા છો, તમારે

જોવું નહિ ને આગળ કરવું,

આવી વસ્તુ તમારી છે. આપણે કહેશું એમ કે
તો જેની અંદર કાળોચિત ગુણો છે,
કાળોચિત આરાધના છે, કાળોચિત પરિ-
ણતિ છે, કાળોચિત જ્ઞાન છે, જેમ આજે
ચૌદ પૂર્વ નથી, પણ આગમો નું જ્ઞાન હોય,
શાસ્ત્રો નું જ્ઞાન હોય, તો એ
પૂર્વકાળના ચૌદપૂર્વી તુલ્ય કહેવાય!

એવી રીતે, આજે પહેલું સંઘયણ નથી, -
ત્રીજા પહોરે વિહાર ન થાય, વગેરે વગેરે
ઉગ્ર આચારોનું પાલન શક્ય ન હોય, પણ
કાળોચિત આચારનું પાલન હોય. ભાઈ-
હવે એટલી બધી તડકો પહેલા પહોરેનો પણ
સહન કરવો શક્ય નથી બનતો, પણ અઢી-
વાગે બપોરે વિહાર ન કરતા હોય, આખા-
ચારે કરે, પાણી કરે, રાતના દોઢ બે-
વાગે નીકળી ગયા ને સૂરજના દર્શન આખા
વિહારમાં થવા જ ન દઈએ. આવા-
પ્રકારનું ના હોય. ગાડીમાં બેસી ભય-
એના જેવું ના હોય. કાળોચિત ગુણો છે,
મહાવ્રતો છે, પચ્ચખાણ છે, જ્ઞાન અમુક
છે, સાથે અમુક ઉત્તર ગુણોનો દોષ-
પણ હોય, થોડો કષાય પણ હોય, થોડો
પ્રમાદ પણ હોય, કદાચ એટલી બધી
શુદ્ધતા હોય અને થોડી ના પણ હોય,
ઉત્તર ગુણોની વાત છે. અને એમાં પણ
આપણે દોષ જોઈને ચાલો ભાઈ, આ
CANCEL. આખા બીજાની CHECK કરો.

આ ભૂમિકા હોય, ત્યાં જય અર્થમાં આપણે ગુરુ ને CHECK કરવાની જરૂર નથી, આપણને CHECK કરવાની જરૂર છે. ને આ બધા શબ્દો હું મારા નથી બોલતો, મારા ચિંતન-ના નથી બોલતો, આ શાસ્ત્રોના શબ્દો છે.

જઇ વિ હુ મણાગં પમાયસીલે વિ

થોડા પ્રમાદી પણ હોય, તો પણ કાળો-ચિત ગુણી હોય, મહાવ્રતી હોય, તો-

તેમને પણ ગૌતમસ્વામી સમાન જેવા!

સભાનો પ્રશ્ન :- કાળોચિત એટલે ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- કાળોચિત એટલે ચોથા આરામાં પહેલા સંઘયણે તીર્થંકર વગેરે ની હાજરીમાં સંયમ નું જે સ્તર NORMAL હોય, ત્યાં એ સ્તર વાળા- સદ્ગુરુ! અને આજના સમયમાં જે- સંયમનું સ્તર NORMAL હોય, જે-

પ્રસિધ્ધ સામાચારી છે. જે સ્તરથી નીચે
સુવિહિત ગીતાર્થ ગુરુ ભગવંતો ને -
સર્વ વિરતિ નું ગુણસ્થાનક, કે પરિણતિ-
માન્ય નથી. એટલા સ્તર સુધી જે પહોંચેલા
હોય, એમને ગુરુ માનવા. એ કાળોચિત
ગુરુ માનવા બરાબર છે। આ કાળોચિત
શબ્દ પણ મારો નથી, આ પણ શાસ્ત્રનો
શબ્દ છે.

समयाणुसारिणो जे गुरुणो ते गोयमं व सेवेज्जा।

જે સમયાનુસારી એટલે કે કાળોચિત ગુરુ હોય,
એમને ગૌતમ સ્વામી તરીકે તમે ઉપાસજો,
એ રીતે એમને પૂજજો,

मा चिंतह कुविगप्पं जइ इच्छेसि साहिउं मोक्खं।।

જો તમારે મોક્ષ મેળવવો હોય, તો એમાં
કુતર્ક, કુવિકલ્પ, કુવિચાર, ભૂલે ચૂકે કરતા
નહિ. હજુ આ પણ છે ને વ્યવહારિક વાત
છે. હું તમને નૈશ્ચયિક વાત એ જ કરવા
માંગુ છું, તમારી પાત્રતા હોવી જોઈએ.
એક યુગ હોય છે ને, કોઈ એવા તદ્દન-
શિથિલાચારી વેષધારી મળી જાય છે, ત્યાં મન

લાગી જાય છે, ત્યાં એ દીક્ષા એ લઈ લે છે. ત્યાં દીક્ષામાં કેટલા બધા પાપો કરે છે, ક્યાંક આવુ પણ બને. એ ખુબ બિચારો સરળ હતો, ભદ્રિક હતો, આપણને એની ભુમિકા સારી લાગતી હતી પણ કુદરતી રીતે એ બિચારો ત્યાં પહોંચી ગયો, એની ભવિતવ્યતા એની ભવ સ્થિતિ, એનું ભવિષ્ય, એવું બધુ એવું હતું ને એ સાચેની વાત એ છે કે એની પાત્રતા પણ એ પ્રકારની હતી.

બીજો પાત્ર ખુબ હશે કોઈ બીજો, એ જ AREA માં રહેતો હશે, એની જ સાથે પહેલી વાર ત્યાં ગયો હશે, બીજી વાર ત્યાં હાથ જોડીને, એ ક્યાંક એવા સંયમી ગુરુની અંદર પહોંચી જશે, ત્યાં આગળ વધશે. માત્ર શિથિલાચારી ની વાત નથી. દુનિયામાં હજારો ધર્મો છે, આજની તારીખની અંદર. મેં આખી એક ધર્મની DIRECTORY જોઈ છે, બહુ મોટી, ને જાડી. જૈન ધર્મનું અડધું પાનુ જેટલું હતુ. આટલી મોટી ને જાડી ચોપડી ENGLISH ભાષામાં હતી.

ઉભરો ધર્મો, એની અંદર જેવા જેવા જીવો હોય એ ત્યાં જ લાગી ગયા, ત્યાં જ ચોંટી ગયા, ત્યાં જ આગળ વધ્યા તો જ એમને સાચુ લાગે, એની પાત્રતા ત્યાં હતી.

તીર્થંકરની હાજરીમાં પણ બીજા ધર્મનો પ્રસાર વધારે હોય, તીર્થંકરની હાજરીમાં પણ બીજા ધર્મના સંન્યાસી વગેરે જૈન-સાધુઓ કરતા વધારે હોય, તીર્થંકરની હાજરીમાં બીજા ધર્મના શ્રાવકો, આપણી ભાષામાં શ્રાવકો, અનુયાયીઓ, એ વધારે હોય! સીમંધર-સ્વામી જ્યાં વિચરી રહ્યા છે, મિથ્યાત્વનો પ્રચાર-પ્રસાર વધારે, એ ધર્મના માથા વધારે. તીર્થંકર માં કોઈ કમી નથી, તીર્થંકરમાં દોષ એ નથી, તીર્થંકરમાં પાપ એ નથી, તીર્થંકર સંપૂર્ણ ગુરુ તત્ત્વ છે, નિશ્ચયથી, વ્યવહારથી, બાહ્યથી, અભ્યંતરથી, બધી જ રીતે ગુરુ તીર્થંકર છે, સામે પાત્રતા નથી, એટલે નજર સામે તીર્થંકર દેખાવા છતાં, સમવસરણ દેખાવા છતા, સમવસરણની-મુલાકાત લઈ આવવા છતા,

એમાં ગુરુત્વની પ્રતિતી થતી નથી, એ સાચા ગુરુ લાગતા નથી, પોતે પકડેલા-બાવાજી એમને તીર્થંકર કરતા વધારે સારાને ઉંચા લાગે છે.

<u>સભાનો</u> <u>પ્રશ્ન</u> :- સાહેબજી ઘણી વખત એવું બને છે. બીજમાં પાત્રતા હોય-પણ ફળદ્રુપતા ના હોય, તો શું કરવાનું? અને એવી ફળદ્રુપતા ની જગ્યા વગેરે પડી હોય તો?

<u>પૂજ્યશ્રીનો</u> <u>ઉત્તર</u> :- આ જે સવાલ પુછ્યો તે આ દુર્ભવ્ય ને લાગુ પડે. આત્મામાં યોગ્યતા છે. પણ બીજ-સામગ્રીઓ જે જમીન, સિંચન, સુર્યપ્રકાશ, વગેરે એને મળ્યું નહિ, અને માટે બીજમાંથી ફળની ઉત્પત્તિ થતી નથી. હવે આપણી જે વાત છે, ચરમાવર્તમાં આવેલા માટેની જે વાત છે. જે ધર્મ પામી ગયા, સમજી ગયા, નજીક આવી ગયા, હવે પુરુષાર્થ કરવાનો છે તો

પુરુષાર્થ માત્ર બુદ્ધિ હીંડાવવાનો, નઈ હીંડાવવાનો નહિ, આપણી પાત્રતા જીલવવાનો, અને એનું નામ છે આ સમુપસંપન્નતા, એ સદ્ગુરુ પ્રત્યે, ભલે તમે હજુ નક્કી નથી કર્યા પણ એ ભૂમિકા છે, કે મળ્યા ને તમે આખે આખા એમાં સમાઈ ગયા, આ ભૂમિકા નથી તો, શોધ એ પણ નાટક છે, તમે સાચા ભાવથી કરો તો પણ નાટક છે. અને મળી પણ જાય, અને તમે દેખીતી રીતે-સ્વીકાર કરી લો, પણ જરા અર્થમાં સ્વીકાર ત્યાં સુધી નહિ થયો હોય, જ્યાં સુધી સમર્પણ નહિ આવે.

બીજો પ્રશ્ન આવ્યો છે, તમે આ કીધું આ સુહૃદયીયા, ભિન્નહૃદયીયા, એની ભૂલ આપણે કાઢવાની નહિ, તો અમારે ભૂલ કાઢવી જ નહિ કે અમે આમ સમજ્યા છીએ, અમે જે સાંભળ્યું એમાં પરથી અમને-લાગ્યું, ભૂલ ના કાઢવી તો અમે બરાબર સમજ્યા છીએ કે પ્રશ્ન બહુ સરસ છે.

જે મહાપુરુષ નું ઉદાહરણ આપીને મેં આ-
વાત કરી હતી, કે આવી રીતે ગુરુની ભુલ-
ના કાઢવી, એ જ મહાપુરુષ ની વાત કરું,
શરીર નબળું, શરીરમાં રોગો ને વારનવાર-
માથું દુઃખી આવે, એ મહાપુરુષની આ રીત
હતી એક શિષ્યની બધી ભક્તિનો લાભ
ન આપવો, ફરતા.. ફરતા.. ફરતા.. ફરતા..
જુદા જુદા નો આપવો. અને માથું દુઃખી
રહ્યું હોય, સવાર નો સમય છે માથું-
દુઃખી રહ્યું છે. પેલા મહાત્માને બોલાવવાના
છે. શિષ્ય પણ પેલા મહાત્માને બોલાવે,
એ માથું દબાવી રહ્યા હોયને પૂજ્યશ્રીના મનની
અંદર એક સવાલ થાગે કે, પેલાને પુછે કે
મેં બોલાવ્યા હતા ત્યારે તમે શું કરી રહ્યા હતા,
ગુરુદેવ, પ્રતિક્રમણ કરી રહ્યો હતો, પ્રતિક્રમણ
કરતા આવી ગયો તું. હા, ગુરુદેવ નહિ,
નહિ, ક્રિયાની વચ્ચે મારે તમને ન હતા-
બોલાવવા, મને ખબર ન હતી, તમે ક્રિયા
પહેલા કરી લો. વાત સમજાય છે? આ
બધી વાતો નો એક પ્રતિકાર છે.

હજુ આપણે છે ને માત્ર ઘરમાંથી નીકળ્યા હોઈએ છીએ, હજુ ઘરના દ્વાર સુધી પહોંચ્યા નથી હોતા. કોઈની ભુલ ન જ કાઢવી આવી પણ કોઈ એકાંત નથી. કહેવાય જ એવો પણ એકાંત નથી. પણ ગુરુ-પ્રત્યેના આપણા વિનયનું સ્તર શું હોય, સમર્પણનું સ્તર શું હોય કે આજે સાંભળી યોગ્યતા કહી, સ્વરુપ સંપન્નતા, જે આપણામાં કેવી હોવી જોઈએ એની વાત છે.

મહાત્માની દીક્ષા થઈ હતી, દીક્ષાના દિવસે સાંજે, પંકજ ઉપાશ્રયમાં અમે ગચ્છાધિપતિ શ્રીને વંદન કરવા ગયા હતા, મહાત્માની આજે દીક્ષા થઈ છે, નુતન દીક્ષીત, ગચ્છાધિપતિ શ્રીને વંદન કર્યા, કંઈક હિતશિક્ષા-આપો એટલી સાહેબને વાત કરી, સાહેબે માત્ર અડધા વાક્યની હિતશિક્ષા આપી, મારી તરફ આમ હાથનો ઈશારો કર્યો ને, મહાત્માને એટલું કહ્યું. "જે કહે એમ કરજે"!

બસ, વધુ કશું જ નહિ! અને એ જ મહાપુરુષ, એક વાર વાચનાની અંદર એમ કહેતા હતા કે, પ્રતિક્રમણના સૂત્રો બહુ ધીમે બોલવા, બહુ-લગાવવા નહિ, સ્પષ્ટ ઉચ્ચાર સાથે અર્થ ચિંતન પૂર્વક બોલવા. રાજધાની એક્સ-પ્રેસ જેમ જ હાંકવી દેવી એવું ન કરવું, અને ગુરુ હો ને તમે હો બે જણ હો ને, ગુરુ એકદમ સૂત્ર લગાવતા હોય તો ત્યારે ગુરુ ને કહેવું કે આ કરો, હું બહાર જઈને કરું છું! એક દ્રષ્ટિકોણ છે. સાહેબ નથી ઈચ્છતા કે તમે આવુ ગુરુ ને કહો. સાહેબ આવું શિખવાડે પણ નહિ. આશય-એ છે, કે તમે સૂત્રની મહત્તા સમજો, સૂત્ર લગાવી, ગબડાવી દેવા માટે નથી,

## સૂત્ર સ્વાદ લેવા માટે છે!

ચૌદસ નું પ્રતિક્રમણ પુરુ થયું છે મહાત્મા-ઓએ વંદના કરી છે. સાહેબ શાતા છે પૂછ્યું, સાહેબે ના પાડી. આવો જવાબ

કદી સાંભળ્યો ના હોય, સાહેબ શાનામાં છો
સાહેબ કહે "ના"! મહાત્મા એ કહ્યું સાહેબ
શું થયું છે, સાહેબ કહે તુ આવી અજિત-
શાંતિ બોલે પછી ક્યાંથી શાંતા રહે! આવી
SPEED માં અજિતશાંતિ, આમ ધડાધડ...
ધડાધડ.. પુરી થઈ જાય, તો પછી મને શાંતા
ક્યાંથી રહેશે, એમનો આશય એ હતો,
ભાઈ સાવ આમ ધીમું.. ધીમું ના ચાલે-
પણ, સાવ પતાવી જ દેવું, ગબડાવી જ દેવું,
પુરુ જ કરવાનું હોય, એવું કઈ રીતે-
ચાલે,

પ્રશ્ન એ પણ આવ્યો છે કે
મહાત્મા સુત્રમાં ભુલ કરતા હોય, નવા હોય,
અત્યારે ન જ કાઢવી, હું કહું છું, એવું પણ
નથી, પહેલા નંબરમાં તો જે વડિલ મહાત્મા-
હોય એ જ ભુલ કાઢે, જેનાથી ઔચિત્યનો
વિનય સચવાય. ધારોકે આવો કોઈ પ્રસંગ
બન્યો પ્રાય! કરીને ના બને, ધારોકે બન્યો,
અને આપણામાં વિનય ના હોય, ઔચિત્ય
ના હોય, ઉદ્ધતાઈ આવી જાય, સ્વરમાં-

પગ એવું આવી જાય, ડંખ ના હોય, અને ઘાડ.. ઘાડ.. ઘાડ.. ઘાડ.. આપણે ભાગવા લાગીએ, તો એનાથી આપણા-આત્માને પણ નુકશાન થાય.

એવી જ રીતે ગુરુની ભુલ ન-કાઢવી એવું નથી, ગુરુને જે સંમત-હોય, આજ્ઞામાં જે મુખ્ય શિષ્ય હોય, એ ધીમે રહીને કહે, એ વસ્તુ જુદી છે. અને ઘાડ કરીને.. ભણે આપણે શાહ એના હના-એ રીતે ભુલ કાઢીને, આશાતના કરી બેસીએ, એ વસ્તુ જુદી છે. એ માં ફરક તમે સમજશો. એવી રીતે મહાત્માની ભુલ થતી હોય હું તમને કહું છું, કદાચ કોઈ જ ન કાઢે તો, ડંખ-સાથી ધીમેથી કહેવાય, અને પાછું તમે એ રોજ કહેતા હો, એને પણ ભુલ કહેવાય, ભુમિકા આપણી એવી જોઈએ કે, મહાત્મા પાસે આપણે પછી જઈએ, સાહેબ કોઈ-ચિંતા આપ નહિ કરતા, સાહેબ આપને અનુકૂળ હોય એ સમયે હું આવું સાહેબ,

24.08.2021

હું ચોપડી ને પેન્સિલ લઈને બેસીશ સાહેબ, આપના સુત્રો લઈશ, સાહિબ આપ બહુ જ સરસ બોલો છો, સાહેબ થોડુંક છે, હું આપની MARK કરી આપીશ, એને લખાવડાવીશ, આપ ચિંતા નહિ કરતા, આપણે બંને બેસશું બોલા બે જુગાઓમાં, સાહેબ આપના બધા સુત્રો એક મહિનામાં, એકદમ સરસ થઈ જાય, એની જવાબદારી મારી. આ ભાવ છે આપણી પાસે, તો આપણે સાચા છીએ.

ભૂલ કહેવાય કે ના કહેવાય, મેં કીધું કહેવાય, આપણે ધડાધડ કાઢીએ, તો હજુ આપણે વસ્તુ સમજ્યા નથી, હાર્દ સમજ્યા નથી, સમ્પુપસંપન્ન ગુણ, ગુરુમાં સંપુર્ણ પણે સમર્પણ, જેની અંદર છે, એ દિવ્યજ્ઞાન નું બધું પહેલાથી સંપન્ન છે, આવી સમય-ચર્યા છે આવી જાગ્રતું રાખીએ.

૨૬.૦૪.૨૦૨૧

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના - ૧૫

ધર્મ બિંદુ ગ્રંથની અંદર, પૂજ્ય હરીભદ્રસૂરી-
મહારાજ, ચોથા અધ્યાયના, ત્રીજા સુત્રના-
છેલ્લા પદમાં દીક્ષાર્થી ની યોગ્યતા કહી છે,
સમુપસંપન્ન ! પૂજ્ય મુનિચંદ્રસૂરી મહારાજ,
વૃત્તિની અંદર યોગ્યતા ની વ્યાખ્યા કરે છે,
सम्यग्वृत्त्या सर्वथात्मसमर्पणरूपया सामीप्यमागतः
સમ્યગ્ વૃત્તિથી, સંપૂર્ણ પણે આત્મસમર્પણથી જેણે
ગુરુનુ શરણ સ્વીકાર્યું હોય, એનુ નામ - સમુપ-
સંપન્નતા !

પૂજ્ય કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ,
દીક્ષા ની ભાવના થઈ ને ગુરુ પસંદ કર્યા ને
ગુરુને પ્રશ્ન કર્યો કે હું ધ્યાન પ્રેમી છું, મને
છે ને ધ્યાન માટે રૂમ જોઈશે, તો મને રૂમ
મળશે ? કોઈ ખરાબ ભાવના નથી શુભ-
ભાવના છે. ખોટી વાત કરી એવું પણ ન હતું,
ધ્યાનના પ્રેમી હતા, રૂમની જરૂર હતી, અને
એમના ગુરુદેવે, જરા રીસ સાથે જવાબ આપ્યો
કે ધ્યાન કરવું હોય તો હિમાલયની ગુફામાં
જતા રહો. અહીંયા કોઈ જ શરત ન જોઈએ,
અહીંયા કોઈ જ વ્યક્તિગત ઈચ્છા ન જોઈએ,

પસંદ ના જોઈએ, અપેક્ષા ન જોઈએ, ગુપ-
હોય, એમાં વડિલ મહાત્મા પણ હોય, બધે-
કાંઈ રૈમ પણ ન હોય, બધે રૈમ હોય તો
ખાલી પણ ના હોય, તો ખાલી હોય તો
એમના એ જ પ્રયોજન માટે વાપરી શકાય
એવું પણ નથી. કદાચ એ શક્ય હોય તો
પણ દીક્ષાર્થી જાવી અપેક્ષા રાખે એ જ
ખોટું, આવો એમના ગુરુદેવનો આશય
હતો.

सम्यक्वृत्त्या सर्वथात्मसमर्पणरूपया उपसम्पन्ना:।

सर्वथात्मसमर्पणरूपया -

દીક્ષાનું મારું મુહૂર્ત નીકળ્યું એ સમયે, મારી
દીક્ષા બાકી છે, મુહૂર્ત નીકળી ગયું છે, એક
ગુરુ ભગવંતને મેં વંદન કર્યા, મેં હિતશિક્ષા
માંગી મને બહુ સરસ વાત કરી.

કે આપણી કોઈ ઈચ્છા જ ન હોવી જોઈએ.

હિતશિક્ષા સ્વરૂપે જ કહેતા હતા કે આપણી
કોઈ જ ઈચ્છા ન હોવી જોઈએ, એ આશય

હતો ગુરુભગવંતનો કે માટી હોય. એ માટીએ શું બનવું એ માટી નક્કી નથી કરતી. એ-કુંભાર નક્કી કરે છે. બરાબર એ જ રીતે તમારે શું કરવું, તમારે શું બનવું, શું વાંચવું, શું ન કરવું, શું કરવું એ બધું જ ગુરુ નક્કી કરે, તમારે કશું જ નક્કી નથી કરવાનું.

7

એક ભાઈ મારી પાસે આવ્યા હતા, મને કહે કે મારે દીક્ષા તો લેવી છે પણ, મને તો બસ આપના જેવું જોઈએ-આપની જેમ ઉપર રૂમમાં બેસી રહું, બીજું બધું, આ બધું ધાંધલ-ધમાલ, અવર-જવર, મળવું, પ્રોગ્રામ, વિહારો આવું બધું મને ફાવે એવું નથી. ઘણા વર્ષો પહેલા એ ભાઈએ મને આવી વાત કરી હતી, ને હજુ એ ભાઈ સંસારમાં જ છે. મારી પાસે જ લેવી એવું પણ નથી, પણ એમની ભાવના વ્યક્ત કરી હતી કે મને તો આવું.. આવું જોઈએ. અને કદાચ એ વ્યક્તિની દીક્ષા થઈ પણ ગઈ હોય, તો પણ ખરા અર્થમાં તો એમની દીક્ષા બાકી જ છે.

મનોરથ રૂપે બધું જ VALID છે, હું બહુ સારો અભ્યાસ કરું, ગુરુ ની બહુ જ સરસ સેવા કરું, હું બહુ જ સારો તપ કરું હું બહુ નિર્મળ સંયમ પાળુ હું શુધ્ધ ક્રિયાં કરું, મનોરથ રૂપે કશું જ ખોટું નથી.

પણ ગુરુ સેવા નું કહે છે, ને આપણી ઈચ્છા સ્વાધ્યાય ની છે. ગુરુ-સ્વાધ્યાય નું કહે છે ને આપણે ઉગ્ર તપ-કરી લેવો છે. ગુરુ ખૂણામાં બેસી જવાનું કહે છે આપણે ચાર જગ્યાએ ચૈત્યપરીપાટી કરી આવવી છે, એમાં આપણું ઠેકાણું પડતું નથી. ભાવના હરેક હરેક યોગની મનોરથ-હરેક હરેક યોગ નો ઉત્કૃષ્ટ રીતે સાધવાનો, અને ઈચ્છા ના સ્તરે જે ગુરુ ની ઈચ્છા, એ જ મારી ઈચ્છા, એનું નામ આ સાધુની યોગ્યતા સમ્પુપસંપન્નતા!

વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ પાસે, એક પિતા-પુત્ર દીક્ષાર્થી તરીકે રહેતા હતા,

પિતા એ કહ્યું કે અમે નક્કી કરી લીધું છે કે આપની પાસે જ દીક્ષા લેવી, પણ આપનો નિયમ છે એકાસણા ફરજિયાત. મારા દીકરા મહારાજ ને તમે એકાસણાની છુટ આપો, તો આપની પાસે અમે એને દીક્ષા લઈએ. અને કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ એ કહ્યું કે તમે ખીરે દીક્ષા લઈ શકો છો! એમને વિદાય આપી ને વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી- મહારાજ એ પોતાના શિષ્યો ને કહ્યું કે બાળમુનિને જરૂર પડે તો નવકારશી પણ- કરાવીએ, એવી મારી કોઈ જીદ કે આગ્રહ નથી કે એકાસણા એટલે એકાસણા જ. ગમે તેટલી એમની તકલીફ હોય મરી જુઠે તો પણ એમણે એકાસણું કરવું પડશે એવી વાત નથી, પણ આ જે શાસન કરે છે ને, એ ખોટી વાત છે.

દીક્ષા જીવનનો સંપૂર્ણ આધાર સમર્પણ હોય છે!

તો શાસનમાં સમર્પણ જ નથી રહેલું તો,

દીક્ષાની તો ક્યાં વાત જ છે. મારી દીક્ષા
વખતે એવી વાત સાંભળવામાં આવી હતી,
કોઈ ગ્રુપની અંદર નવી દીક્ષાઓ થઈ ને,
દીક્ષાર્થીઓએ શરત કરી હતી કે, અમારું -
આવુ - આવુ નામ પાડવું, એક જ પરિવાર
ના ત્રણ દીક્ષાર્થી હતા, અમારું આ નામ
પાડો તો જ અમે દીક્ષા લઈએ, આ શરત
સાથે દીક્ષા લીધી. એ નામ એમના પાડવામાં
પણ આવ્યા, પણ દીક્ષા ની શરૂઆતથી જ
ગુરુથી જુદુ થવાનું થયું, હવે આત્માઓનું
જે ઘડતર છે, એમાં જે ઘડતર થવું જોઈએ
જે વિકાસ થવો જોઈએ, એ નથી, જેનાથી
તેઓ વંચિત રહી ગયા.

જેમ દીક્ષાર્થી છે, દીક્ષાર્થી
દીક્ષા પહેલા કોઈ પણ પ્રકારની શરત કરે
તો સમર્પણમાં જાગી છે બરાબર એ જરીતે
દીક્ષીત આત્મા ની પણ એમ થાય, હવે
દીક્ષા થઈ ગઈ છે, હવેની શરત કહાય
એમ હોય, કે આપ મારી આટલી - આટલી -
માંગણી પુરી કરો,

તો હું આપના માટે સદ્ભાવ રાખું. મારી અપેક્ષા છે મને ભણવા દો, મારી અપેક્ષા છે મને વૈયાવચ્ચ માં વધારે લાભ લેવા દો, મારી અપેક્ષા છે મને તપ વધારે કરવા દો, મારી જે અપેક્ષા છે, મારે જ્યાં જ્યાં જેવી રીતે જવું હોય, મારે જે રીતે વાંચવું હોય, મારે જે રીતે જે કરવું હોય, તમારે મને-રમ આપી દેવાની, પીઠ થાબડવાની, પ્રસંશા-કરવાની, ROBBER-STAMP તમારે લાગી જવો જોઈએ. તો હું તમારી માટે સદ્ભાવ રાખું, તમને લાગે જે રીતે સમર્પિત હું રહું. આમ તો હું મને જ સમર્પિત, પણ વિનીત બનીને રહું, તમારી સેવા કરું, તમારા માટે સદ્ભાવ રાખું, આ પણ

## એક પ્રકારની ચીરત છે!

મને બોલવામાં ન આવે, પણ વર્તનમાં આવે. જે ગુરુ ભગવંત આપણને સારી રીતે-બોલાવે, સારી રીતે વાત કરે, આપણને-માન આપે, આપણને જજડાવે નહિ.

આપણને સારા શબ્દો કહે, આપણી વાત કઈ રીતે શાસ્ત્રીય દ્રષ્ટિએ સાચી છે એ સાબિત કરી આપે, અને આપણી જે પસંદ નો માર્ગ હોય એને અપવાદ માર્ગે પણ, સાચો સાબિત કરી આપે, સિક્કો મારી-આપે એ આપણા ગુરુ. આ પણ એક પ્રકારની શરત છે.

ઉત્તમ સ્તરે, અયોગ્ય આત્મા આખું સંયમ જીવન શરતો મુકતો રહે છે.

દરેક શરતે સમર્પણનું મૃત્યુ થાય છે!

મને ફાવે તો હું કરું, આ પણ એક શરત છે!

મને ગમે તો હું કરું, આ પણ એક શરત છે!

તમે મને સારી રીતે માન આપો તો હું તમારું માનું આ પણ એક શરત છે, તમે મારી જે જે ઈચ્છા છે એ પુરી કરો,

તો હું તમારી ઈચ્છા પુરી કરું એક પણ એક શરત છે. અને એ બધી શરતો ના સંસાર-માં,

**સંયમ જીવનના ઘડા લાગ્યા થઈ જાય છે!**

ગુરુ એ તમને કહ્યું કે તમે આની પાસે ભણો ને તમે કહો કે મારે આમની પાસે ભણવું છે.

**તમે ભણીને પણ અભણ રહેશો!**

ગુરુ એ કહ્યું કે તમે એકાસણા ચાલુ રાખો, અઠ્ઠાઈ કરવાની જરૂર નથી. આપણે સ્વાધ્યાય કરવાનો છે. આપણા ઉચિત યોગો પાળવાના છે. તમે જીદ કરીને ગુરુ ને લાગે કે ભાઈ છોડો એમની આગ્રહ છે. છોડી દો, પરંતુ મુક્ો ગુરુ એ તમને અઠ્ઠાઈ નું પચ્ચક્ખાણ આપ્યું પણ, તમે નવકારશીથી એ નીચે ગયા છો. ગુરુની ઈચ્છા હતી તમે સ્વાધ્યાય કરો,

તમને વૈયાવચ્ચમાં વધારે રસ હતો, તમે ગુરુની આજ્ઞાને અભરાઈએ ચડાવી, ને તમે વૈયાવચ્ચ કરો છો, એ હકીકતમાં વૈયાવચ્ચ નથી કરી.

બહુ સરસ મજાની વાત -
સામાચારી પ્રકરણની અંદર મહોપાધ્યાય - યશોવિજયજી મહારાજ કરે છે.

न हि वैयावृत्यमेव निर्जरासाधकम्, अपि त्वाज्ञापूर्वकम्।

વૈયાવચ્ચથી નિર્જરા થશે, આવું તમે ના માનતા, પણ આજ્ઞાપૂર્વકની વૈયાવચ્ચથી નિર્જરા થશે. સ્વાધ્યાયથી નિર્જરા થશે, એ સ્વાધ્યાય જેવો તપ નથી એ બધી વાત સાચી, પણ શરતો લાગુ, સાથે STAR કર્યું છે, STAR નીચે ટીપ્પણમાં લખ્યું છે. અને ટીપ્પણમાં CLEAR કર્યું છે.

आज्ञापूर्वकम्।

જે સ્વાધ્યાય આજ્ઞાપૂર્વકનો હશે એનાથી - તમારો કર્મક્ષય થશે.

आणाए ~~[illegible]~~ तवो आणाए संजमो तह य दाणमाणाए

આજ્ઞાથી તપ, આજ્ઞાથી સંયમ, જ્ઞાન પણ-આજ્ઞાથી,

आणाइ-रहिओ धम्मो पलालपुंजु व्व पडिहाइ।

જે ધર્મ છે, આચાર છે, યોગ છે, પણ આજ્ઞાપૂર્વક નથી, એની કિંમત ઘાસના પૂળાથી વધુ કાંઈ જ નથી.

★ આગ્રહ એ સંસાર છે!

★ ઈચ્છા એ સંસાર છે!

ભલે વેષ સાધુનો હોય, મારામાં આગ્રહ છે, ઈચ્છા છે, મદ છે, તર્ક છે, તો નિશ્ચય-દૃષ્ટિએ,

હું ગૃહસ્થ છું!

સમુપસંપન્ન!

सम्यग्वृत्त्या सर्वथात्मसमर्पणरूपया

સાચી વૃત્તિથી સંપૂર્ણ પણે, બધી જ રીતે,

25.08.2021

સમર્પણ ના જેટલા પ્રકાર હોય, એમાંનો એક-પણ પ્રકાર બાકી રાખ્યા વગરનું સમર્પણ, એનું નામ,

સ્વરૂપ સંપન્નતા !

એના માટે પ્રયાસ કરીએ. આજે સમય થયો છે. આજે આટલું રાખીએ.

x x x x